જન્મદિને વધામણી

ડેલ્વિના ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧

મહર્ષ નિખીલભાઈ મોદી
મો. : ૯૯૨૫૨૮૪૫૧૩

આશિષકુમાર
ખેમચંદભાઈ નાચી
મો. ૯૯૨૫૮ ૧૦૮૦૮

સંજયકુમાર
ખેમચંદભાઈ નાચી
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭

લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા સીઆરપીએફ જવાનો સાથે રક્ષાબંધન

લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા સીઆરપીએફના જવાનો સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. લાયોનેસ ક્લબનાં સભ્યોએ દેશભક્ત જવાનોને રાખડી બાંધી તેમનાં ક્ષેમકુશળ ઈચ્છ્યાં હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સીઆરપીએફ ગ્રૂપ સેન્ટરના કમાન્ડન્ટ અશોક શતવાણીએ સહકાર આપ્યો હતો. આ પ્રસંગે લાયોનેસ પ્રમુખ મિનાક્ષીબેન જયસિંઘાણી, સેક્રેટરી નીતા રાણા, ક્લબ સંયોજક મમતાબેન રાવલ, ડિસ્ટ્રીક્ટ ઑફિસર નિમેષભાઈ રાવલ, પીપી અંજલિબેન ભટ્ટ તેમજ મોટી સંખ્યામાં લાયોનેસ સભ્ય બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ દ્વારા આર્મીના જવાનોને રક્ષાનું બંધન

સરગાસણ વિસ્તારમાં કાર્યરત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સની વિદ્યાર્થીનીઓએ ચિલોડા આર્મી કેન્ટોનમેન્ટ ખાતે ફરજ બજાવતા વીર જવાનો સાથે રક્ષાબંધનની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરી હતી. જવાનોને રાખડીબાંધી તેમની સ્વસ્થ, દીર્ઘાયુ માટે વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના કરી હતી. જવાનોને આ પ્રસંગે મીઠાઈ ખવડાવી તેમનું મોં પણ મીઠું કરાવવામાં આવ્યું હતું. દેશ ખાતર ફરજરત જવાનોને રક્ષાનું બંધન કરી તેમને મહેસૂસ થતી બહેનની કમી પૂર્ણ કરવાનો સ્તુત્ય પ્રયાસ આ વિદ્યાર્થીનીઓએ કર્યો હતો. જવાનોએ આ ઉપક્રમે વિદ્યાર્થીનીઓને ન માત્ર ભેટ-સોગાદો આપી હતી, પરંતુ આશીર્વાદ અને દેશની રક્ષાનું વચન પણ આપ્યું હતું. આ પ્રસંગે જવાનોએ પોતાની કાર્ય પ્રણાલી અને શસ્ત્ર-સરંજામથી પણ વિદ્યાર્થીઓને અવગત કરાવ્યા હતા.

સચિવાલય કેન્ટિન ખાતે ૧૩મીએ ઓપન કેટેગરી ચેસ ટુર્નામેન્ટ

ગાંધીનગર, તા. ૮

અન્ડર-૯ અને અન્ડર-૧૬ ઓપન કેટેગરી ચેસ ટુર્નામેન્ટનું આયોજન તા. ૧૩ ઑગષ્ટના રોજ જૂના સચિવાલય કેન્ટિન ખાતે કરવામાં આવ્યું છે.

આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે હર્ષદ કાપડિયા (મો. ૯૬૩૮૧ ૫૨૦૬૯) અથવા શ્વેતલભાઈ પાઠક (૯૦૯૯૦ ૭૫૨૦૧)નો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય કલા મહાકુંભમાં જિલ્લા કક્ષાએ ઝળકી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત યુવા સાંસ્કૃતિક મંડળ દ્વારા આયોજિત કલા મહાકુંભમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેક્ટર-૭ની ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓએ લોકનૃત્યની સ્પર્ધામાં પ્રથમ ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું.

આ ઉપરાંત શાળાનાં શિક્ષકોએ ખુલ્લા વિભાગની સ્પર્ધામાં ભાગ લઈ તાલુકા તથા જિલ્લા કક્ષાએ પણ પ્રાચીન ગરબામાં પ્રથમ ક્રમનું વિજેતા પદ મેળવ્યું હતું.

બંને ટીમો હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. શાળા પરિવાર તરફથી આચાર્ય સંતોકબેન ચૌધરીએ બંને ટીમોને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

એએફએસ દ્વારા વિદેશથી ગાંધીનગર ભણવા આવેલી એમ બી પટેલની બે વિદ્યાર્થીનીઓ અનિકા (યુએસએ) અને ન્યુએમી (જર્મની)એ પોતાના યજમાન પરિવારો સાથે રક્ષાબંધનનો તહેવાર પરંપરાગત રીતે ઉજવી ભારતીય સંસ્કૃતિને અપનાવવાની શરૂઆત કરી હતી.

આર જી - એસ બી કન્યા શાળા દ્વારા વિદ્યાર્થીનીઓ માટે અમદાવાદની ટુર

ગાંધીનગર, તા. ૮

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩ દ્વારા એક દિવસીય શૈક્ષણિક ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું.

બે દિવસ દરમિયાન સાયન્સ સિટીની ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના કુલ ૨૩૩ બાળકો અને ૧૫ શિક્ષકો જોડાયા હતા. બાળકોએ વિન્ટેજ કાર પ્રદર્શન, અડાલજની વાવ, વૈષ્ણોદેવી મંદિર, હરેકિષ્ન મંદિર-ભાડજ અને સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી. અહીં તેમણે મડાગાસ્કર અને વૉકિંગ ઑન ધી મૂન થ્રી ડી ફિલ્મ નિહાળી હતી. હૉલ ઑફ સાયન્સ, અર્થ નેચર પાર્ક, એનર્જી પાર્ક અને છેલ્લે મ્યુઝીકલ ફુવારા નિહાળી રાત્રે ૯.૩૦ કલાકે પરત સ્કૂલ આવી ગયા હતા. શાળાનાં આચાર્ય સુધાબેન અને સુપરવાઈઝર્સે બાળકો અને આયોજન કરનાર શિક્ષકો તથા સ્ટાફ પ્રતિ અભિનંદનની લાગણી પ્રગટ કરી હતી.

આદિશ્વર કૉલેજ અને જૈન ઈન્સ્ટીટ્યુટ દ્વારા ઓરિએન્ટેશન પ્રોગ્રામ

સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી સંલગ્ન આદિશ્વર કૉલેજ ઑફ ટેકનોલૉજી-વિનસ અને જૈન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે અદાણી ગૃપના વાઈસ પ્રેસિડેન્ટ સ્નેહલ દેસાઈ, સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. એમ એન પટેલ, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ઋષભ જૈન, વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન અને રજિસ્ટ્રાર તથા એકેડેમિક ડીન ડૉ. અપૂર્વ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહલ દેસાઈએ વિદ્યાર્થીઓને સ્ટાર્ટ-અપ વિષે માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે મોટાભાગના ઉદ્યોગ સાહસિકોએ પોતાની કારકિર્દીની શરૂઆત કૉલેજકાળ દરમિયાન કરી હતી અને તેથી જ કૉલેજજીવનનાં વર્ષો અગત્યનાં છે. ડૉ. એમ એન પટેલે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, સમય અને ભણતરનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઋષભ જૈને વિદ્યાર્થીઓને સ્ટાર્ટ-અપ અને આંત્રપ્રન્યોરશીપનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે આ કોર્સ દ્વારા વિદ્યાર્થીઓને આઈડિયા જનરેશનથી લઈ આઈડિયા કોમર્શિયલાઈઝેશન સુધીની તમામ તાલીમ કૉલેજના અભ્યાસક્રમ સાથે આપવામાં આવશે. આવા પ્રકારના કોર્સની માર્કેટમાં લગભગ બે લાખ રૂપિયા જેટલી કિંમત છે, જે સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીમાં માત્ર રૂા. ૧૫ હજારમાં કરાવવામાં આવે છે તથા આ યુનિવર્સિટીના એન્જિનીયરિંગ, આર્કીટેક્ચર તથા અન્ય અભ્યાસક્રમોમાં એડમિશન લેનાર વિદ્યાર્થીઓને આ કોર્સ તદ્દન મફત ભણાવવામાં આવશે. તેમણે યુએસના ડી પ્રિન્ટરનો ડેમો પ્રસ્તુત કર્યો હતો, જે બાબતે વિદ્યાર્થીઓમાં ખૂબ ઉત્સુકતા જોવા મળી હતી.

કોમર્સ સહિત પાંચ કોર્સમાં ખાલી બેઠકોની પ્રવેશની સત્તા કોલેજોને સોંપાઈ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બી.કોમ સહિતના પાંચ કોર્સ માટે ઓનલાઈન અને ઓફલાઈન બન્ને પ્રકારે કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી છે. ત્રણ રાઉન્ડ પછી પણ હાલમાં ૬૨૧૩ બેઠકો ખાલી પડી છે. આ બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપી દેવામાં આવી છે. પરંતુ તે પહેલા વિદ્યાર્થીઓએ પીન ખરીદીને રજિસ્ટ્રેશન કરવું પડશે. ખાલી બેઠકો ભરવાની સત્તા કોલેજોને જ સોંપી દેવાની હોય તો પણ નવેસરથી પીન અને રજિસ્ટ્રેશન કરવાની સૂચનાથી અનેક વિદ્યાર્થી અને વાલીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

કોમર્સ સહિતના પાંચ કોર્સમા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પુરા થઈ ચુક્યા બાદ તાજેતરમાં ઓફલાઈન રાઉન્ડ પર પુરો કરી દેવાયો છે. ૬ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે. સૂત્રો કહે છે જે બેઠકો ખાલી પડે છે તેમાં ૧૬૦૦ બેઠકો અમદાવાદ બહારની એટલે કે ધંધુકા, દહેગામ, ધોળકા જેવા વિસ્તારોમાં આવેલી કોલેજોની છે. આ ઉપરાંત અમદાવાદમાં જે કોલેજોમાં જગ્યાઓ ખાલી પડી છે તે સ્વનિર્ભર કોલેજો અથવા તો દૂરના વિસ્તારોમાં આવેલી છે. સામાન્ય રીતે ઓફ લાઈન રાઉન્ડ પુરો થયા બાદ ખાલી પડેલી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપી દેવાનું નક્કી કરાયું હતું. પરંતુ હવે આ બેઠકો કોલેજોને સોંપતા પહેલા ફરી એકવાર રજિસ્ટ્રેશન કરાવવાની જાહેરાત કરી છે. જે તા.૯મી સુધી પીન વિતરણ કરવામાં આવશે. જેના આધારે તા. ૧૦મી સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું પડશે. ત્યારબાદ તા. ૧૧મી સુધી જે તે કોલેજમાં જઈને ફોર્મ જમા કરાવવું અને પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે. તા.૧૨મીએ જે તે કોલેજ દ્વારા મેરિટલિસ્ટ નોટિસ બોર્ડ પર મુકવામાં આવશે.

સંબંધોની ભૂખ : ભૂખ્યો માણસ જ બીજા માણસની ભૂખને સમજી શકે

(ગતાંકથી ચાલુ)

વ્યક્તિ પોતાની માતાની કૂખે જન્મ્યા પછી તુરત જ સંપૂર્ણ રીતે પોતાની માતા ઉપર આધારિત હોય છે અને માત્ર માતાની લાગણીનું જ ભૂખ્યું હોય છે. ત્યાર પછી પોતાના પિતા અને અન્ય કુટુંબીજનો ઉપર આધારિત બને છે અને બાળકની સંબંધોની ભૂખ વિકસે છે. બાળક જેમ જેમ મોટું થાય તેમ ધીમે ધીમે અન્ય લોકોના સંપર્ક અને સંસર્ગમાં આવે છે. જેમ જેમ વ્યક્તિ વધુને વધુ લોકોના સંપર્ક અને સંસર્ગમાં આવતી જાય છે એમ તેની સંબંધોની ભૂખ વિકસતી જાય છે. આવું થયા પછી વ્યક્તિ અન્ય વ્યક્તિઓના સંબંધો વિના, અન્ય વ્યક્તિઓ સાથેના સંવાદ વિના સુખચેનથી જીવી શકિત નથી. વ્યક્તિની વધુને વધુ વ્યક્તિ પાસેથી વધુને વધુ પ્રેમ, સ્નેહ, હુફ પામવાની લાગણીઓ ઉતેજીત થઈ ચૂકી હોય છે એટલે તે નવા સંબંધો બાંધવા માટે, બંધાયેલા સંબંધો વિકસાવવા માટે અને એ સંબંધોને નિભાવવા કે ટકાવવા માટે સતત એકધારા પ્રયત્નો કરતી રહે છે.

જે વ્યકિતને બચપણમાં કોઈ કારણસર સ્નેહ, પ્રેમ, હૂંફ પૂરતા નથી મળ્યા હોતા એ વ્યક્તિ મોટી થતાં વધારે પ્રેમભુખી બને છે. ક્યારેક તો વ્યક્તિ પોતાની સંબંધોની ભૂખને સંતોષવા માટે રીતસરના વલખા મારતી હોય છે.

પેલા સજ્જનને કોઈએ ટકોર કરી કે આટલા બધા સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો, આપ્તજનો, અને વ્યાપારિક સંબંધીઓની નિયમિત રીતે મહેમાનગતી કરો છો, એ લોકો સાથેના સંબંધોને સાચવવા માટે પ્રયત્નશીલ રહો છો તો બીજા લોકો તો ઠીક, જે લોકો આપની મહેમાનગતી માણતા હશે એ લોકો પણ કદાચ આશ્ચર્ય પામતા હશે, કદાચ આપને વધારે પડતાં લાગણીશીલ ગણતાં હશે, કદાચ આપની મહેમાનગતીનો ખોટો ફાયદો પણ ઉઠાવતા હશે અને વધુમાં આપને આર્થિક ઘસારો પણ લાગતો હશે. તો આ પ્રકારે સંબંધો

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી

vamlani@yahoo.co.uk

રાખવાથી આપણે ફાયદો શું? પેલા સજ્જને ઉત્તર આપતા કહ્યું કે વધારે પડતી લાગણીશીલ વ્યક્તિને, સંબંધો માટે કઈ પણ કરી છૂટનારી વ્યક્તિને, સંબંધો ભૂખી વ્યક્તિઓને લોકો વેવલા, ગાંડા, હરખપદૂડા જેવા અલગ અલગ વિશેષણોથી લોકો નવાઝતા જ હોય છે પણ એનો અમને રંજ નથી કે હરખ-શોક નથી. અમે કોઈ જ ફાયદા માટે કે કોઈ જ પ્રકારના લાભ માટે કે કોઈ પ્રકારની અપેક્ષાઓ સાથે સંબંધો નથી રાખતા. અમને સંબંધો ગમે છે એટલે એ ગમતા સંબંધો નિભાવવા માટે અમે બધુ જ કરી છૂટીએ છીએ.

સંબંધભૂખી વ્યક્તિ માત્ર પોતાના કુટુંબને જ નહીં, પણ કુટુંબની સાથેસાથે પોતાની સાથે સંબંધિત અનેક વ્યક્તિઓ અને કુટુંબોને પ્રેમ, હૂંફ અને સ્નેહની લાગણીના તાંતણે બાંધતી હોય છે અને એ પ્રેમના તાંતણા થકી માત્ર પોતાના કુટુંબને જ નહીં પણ પોતાના સમગ્ર સ્નેહવર્તુળને વધારે ને વધારે મજબૂત બનાવે છે.

વ્યક્તિ એક જ યજમાનના વારંવાર મહેમાન બનવાનું પસંદ કરતી હોય તો એ વ્યક્તિ યજમાનની ભાવના, યજમાનની મહેમાનગતી, યજમાનનો પ્રેમ અને લાગણી જોઈને મહેમાન બનતી હોય છે. જે દિવસે યજમાનના વ્યવહાર કે વર્તનમાં મહેમાનને કઈક પણ ઓછું લાગશે, મહેમાનને જ્યારે પણ યજમાનના આતિથ્યભાવમાં કઈક પણ ખોટ દેખાશે, મહેમાનને જ્યારે યજમાન કુટુંબની લાગણીમાં ઓટ આવતી દેખાશે ત્યારે મહેમાન આપોઆપ સમજી જશે અને યજમાનના ગમે એટલા આગ્રહ છતાં વ્યક્તિ એ યજમાનના મહેમાન બનવાનું ટાળશે. સંબંધભૂખી વ્યક્તિને ત્યાં વરસે દહાડે પચાસ-સો વ્યક્તિઓ મહેમાન બનીને આવવાથી વ્યક્તિના કોઠાર ખૂટી નથી જતાં. મહેમાન બનીને આવતી વ્યક્તિઓ દ્વારા સંબંધભૂખી વ્યક્તિના કુટુંબને જે સ્નેહ, પ્રેમ, હૂંફ અને લાગણી મળે છે, જે સધિયારો મળે છે તેનો આનંદ અનર્ગલ હોય છે.

સંબંધભૂખી વ્યક્તિની ભૂખ, મહેમાનોને પોતાને ઘેર નિમંત્રણ આપીને કે અતિથિ બનીને આવેલા મહેમાનોનું આતિથ્ય કે મહેમાનગતિ કરવા પૂરતી જ સીમીત સીમિત હોય છે એવું નથી. સંબંધ ભૂખી વ્યક્તિ કોઈ પણ માધ્યમ દ્વારા સંબંધીઓના સતત સંપર્કમાં રહેતી હોય છે. પોતે પણ પ્રસંગોપાત સંબંધીઓને મળતી રહે છે. પોતે પણ સંબંધીઓના સારા-નરસા પ્રસંગોમાં ઉપસ્થિત રહીને સંબંધોને ઘનિષ્ઠ બનાવવા પ્રયત્નો કરતી હોય છે.

સંબંધ ભૂખી વ્યક્તિ સંબંધો બાંધવા, વિકસાવવા, ઘનિષ્ઠ બનાવવા અને ટકાવવા માટે પોતે તો સંનિષ્ઠ પ્રયત્નો કરતી જ હોય છે પણ ક્યાક, ક્યારેક, કોઈ સંબંધીઓ તરફથી તેને યોગ્ય પ્રતિસાદ કે પ્રતિભાવ નથી મળતો ત્યારે તે વ્યક્તિ થોડી નિરાશ થાય છે. સંબંધો માટેની પોતાના પક્ષેથી સંપૂર્ણ પ્રતિબધ્ધતા હોવા છતાં સામે પક્ષેથી જ્યારે પોતાના જેટલો જ ઉમળકો નથી દેખાતો ત્યારે એ વ્યક્તિ થોડી દૂ:ખી થાય છે. પોતે આપેલા સ્નેહ, હૂંફ, લાગણી કે પ્રેમની સામે જ્યારે તેમને એકદમ ઠંડો પ્રતિસાદ મળે છે ત્યારે તેના હૃદયમાથી વેદનાની એક ટીસ નીકળી જાય છે. એ વેદના એવી હોય છે જે પોતે કોઈને કહી પણ નથી શકતી અને સહી પણ નથી શક્તી. આમ છતાં એ સંબંધ ભૂખી વ્યક્તિ સંબંધો બાબતમાં પોતે ક્યાય, કોઈ પ્રકારની, ક્યારેય બાંધછોડ કરતી નથી કે પોતાના વાણી, વર્તન અને વ્યવહારમાં ક્યારેય કોઈ પ્રકારની હતાશા, દૂ:ખ કે વેદનાને દેખાવા દેતી નથી અને સંબંધોની રખાવટનો પોતાના જીવનનો ઉદેશ કાયમ રાખે છે. વ્યક્તિનો આ પ્રકારનો સકારાત્મક અભિગમ જ વ્યક્તિને મુઠ્ઠી ઊંચેરું સ્થાન આપે છે. વ્યક્તિનો આ પ્રકારનો સંબંધોનો અભિગમ જ તેનું અને તેના કુટુંબીજનોનું જીવન સતત ધબકતું રાખે છે અને જીવવા માટે નવી ચેતના આપીને જીવનને ચેતનવંતુ બનાવે છે.